# નગરજનોએ સવા કરોડના ફાફડા-જલેબી આરોગ્યા

## ફાફડા-જલેબીની ખરીદી માટે સવારથી ફરસાણ-મીઠાઈની દુકાનોમાં લાંબી કતારો લાગી હતી



ગાંધીનગર, તા. ૫

દશેરાના તહેવારોમાં ફાફડા અને જલેબી ખાવાનું મહત્વ છે. ત્યારે ખાવાના શોખીન એવા ગુજરાતીઓ એમાય ગાંધીનગરાઓએ આ વર્ષે દશેરાના દિવસે સવા કરોડ રૂપિયાના ફાફડા-જલેબીની જયાફત માણી છે. વહેલી સવારથી જ ગાંધીનગરમાં વિવિધ વિસ્તારોમાં નાની-મોટી મીઠાઈ-ફરસાણની દુકાનોમાં ફાફડા-જલેબી લેવા માટે શહેરીજનોની લાઈનો લાગી હતી. ફાફડા-જલેબીનો ભાવ દર વર્ષ કરતાં વધુ હોવા છતાં પણ શહેરીજનોએ ફાફડા-જલેબીની ધૂમ ખરીદી કરી હતી. આ ઉપરાંત ખમણ, ઢોકળા, ચોળાફળીની પણ ખરીદીની જમાવટ રહી હતી. શહેરીજનોએ દશેરાના દિવસે સવારથી ફરસાણની દુકાનોમાં ધામા નાખતા વેપારીઓમાં પણ આનંદો છવાયો હતો. ગુજરાતીઓ દ્વારા વિજયા દશમીની ઉજવણી ફાફડા અને જલેબી ખાઈને કરવામાં આવે છે. ત્યારે રાત્રીના ૧૨ વાગ્યાથી જ ફાફડા-જલેબી-ચોળાફળીની ખરીદી ચાલુ થઈ જાય છે.

દશેરાના દિવસે શહેરની ફરસાણની દુકાનો રાધે સ્વીટ નમકીન, વૃંદાવન, ગ્વાલિયા, વિપુલ સ્વીટ, ગાંઠીયા રથમાં સવારથી જ લાઈનો લાગી હતી. શહેરમાં ઘણી-બધી જગ્યાએ ફાફડા-જલેબીના સ્ટોલ પણ બનાવવામાં આવ્યા હતા. જેમાં ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી હતી. શહેરની જાણીતી દુકાનો પર ફાફડા-જલેબી લેવા માટે એક કલાકનુ વેઈટીંગ બોલાઈ રહ્યુ હતુ. દશેરાના દિવસે ફાફડા-જલેબીની લિજ્જત માણવાની વર્ષો જુની પ્રથા છે. એમાંય ગાંધીનગરમાં દશેરાના દિવસે ફાફડા-જલેબીની સાથે ચોળાફળીનું પણ ધૂમ વેચાણ થાય છે. જ્યાં પપૈયાની છીણ, મરચાં, ચટણી, કઢી સાથે મળી રહે ત્યાં તો અઢળક ભીડ જામી હતી. વધતી મોંઘવારી અને ભાવ વધારો છતાંય સ્વાદ રસિયાઓની ફરસાણની દુકાનો પર કતારો વધારે લાંબી જોવા મળી હતી. દશેરા પર્વ ઉપર ફાફડા-જલેબીની માંગ વધુ રહેતી હોઈ છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગરના વેપારીઓ તેના આયોજનમાં જોતરાયેલા જોવા મળી રહ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ શુદ્ધ ઘીની જલેબીની ડિમાન્ડ વધુ રહી હતી. જલેબીમાં ઈમરતી અને કેસર જલેબી સહિત પનીરની જલેબી જેવી વેરાઈટી પણ જોવા મળી હતી.

### શિવ-શક્તિ ચોળાફળીમાં લાઈનો લાગી

ગાંધીનગરમાં આમ તો શિવ-શક્તિ ચોળાફળીની લારીમાં દરરોજ ઘરાગી જોવા મળે જ છે, પરંતુ દશેરા નિમિત્તે ચોળાફળીની ખરીદી માટે ભારે ભીડ જોવા મળી હતી. ૪૦ રૂપિયામાં ૧૦૦ ગ્રામ ચોળાફળી અને સાથે ગ્રીન ચટણી માટે ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી હતી. સવારથી ગ્રાહકોએ લારી પાસે જમાવડો કરી દીધો હતો.

### ફાફડા-જલેબીમાં ઉપયોગી ચીજવસ્તુના ભાવ

| ચીજવસ્તુ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ |
|---|---|---|---|
| તેલ | ૧૨૦૦ રૂ. | ૨૫૦૦ રૂ. | ૨૮૦૦ રૂ. |
| ઘી | ૪૫૦ રૂ. | ૪૮૦ રૂ. | ૫૬૦ રૂ. |
| ખાંડ | ૪૦ રૂ. | ૪૦ રૂ. | ૬૦ રૂ. |
| બેસન | ૬૫ રૂ. | ૧૦૦ રૂ. | ૨૨૦ રૂ. |

# મનપાના સ્થળાંતર પછી ઝોનલ કચેરીઓ કાર્યરત કરવાના આદેશો જારી કરાયા

**ઉત્તર ઝોનની કચેરી પેથાપુર, મધ્ય ઝોનની કચેરી એમ એસ બિલ્ડીંગ અને દક્ષિણ ઝોનની કચેરી ખોરજ ખાતે કાર્યરત કરાશે : ઉત્તર ઝોનમાં વોર્ડ નં. ૧, ૨, ૩, ૭ને સમાવાયા, મધ્ય ઝોનમાં વોર્ડ નં. ૪, ૫,૬ અને દ. ઝોનમાં વોર્ડ નં. ૮, ૯, ૧૦, ૧૧ને સમાવાયા**



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકા તેની નવી કચેરીમાં સ્થળાંતરિત થતાં જ ત્રણ ઝોન કચેરીઓ કાર્યરત કરવાના આદેશ જારી કરવામાં આવી છે. ગાંધીનગર મનપાના સમગ્ર વિસ્તારને ત્રણ ઝોન કચેરીઓમાં વિભાજીત કરી દેવામાં આવી છે. ૨૩-૬-૨૨ના રોજ આ ઝોન કચેરીઓ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે આ કચેરીઓ પણ કાર્યરત કરી દેવામાં આવશે. ઉત્તર ઝોન, મધ્ય ઝોન અને દક્ષિણ ઝોન એમ ત્રણ ઝોન બનાવવામાં આવ્યા છે. આ ઝોન કચેરીઓ સમગ્ર વિસ્તારમાં વિકાસના કામોના સુચારૂ અમલીકરણ માટે નવી માળખાકીય વ્યવસ્થા અને નવા મહેકમ સાથે કાર્યરત થઈ જશે. આ ઝોન કચેરીઓ કાર્યરત કરવા માટેના આદેશો કમિશનર દ્વારા ૩ ઓક્ટો.ના રોજ આપી દેવામાં આવ્યા છે. ઉત્તર ઝોનની કચેરી પેથાપુર ખાતે કાર્યરત કરવામાં આવશે. આ ઝોન કચેરીમાં વોર્ડ નં. ૧, ૨, ૩, ૭ ને સમાવવામાં આવ્યા છે. મધ્ય ઝોનમાં વોર્ડ નં. ૪,૫, ૬ ને સમાવવામાં આવ્યા છે. મધ્ય ઝોનની કચેરી મનપાની એમ.એસ. બિલ્ડીંગમાં આવેલ કચેરી ખાતે જ કાર્યરત થઈ જશે. દક્ષિણ ઝોનમાં વોર્ડ નં. ૮, ૯, ૧૦, ૧૧ને સમાવવામાં આવ્યા છે. આ વોર્ડની ઝોન કચેરી ખોરજ ખાતે કાર્યરત કરવામાં આવશે. ઝોન કચેરીઓમાં કામકાજ માટે લોકોને ૮ થી ૧૫ કિ.મી. દૂર જવુ પડશે, એટલુ જ નહિ શહેરમાં આંતરિક ટ્રાન્સપોર્ટેશન નહિ હોવાને કારણે લોકોને કામ માટે એક આખો દિવસ પસાર કરવાનો થશે. શહેરને ઝોનમાં વહેંચવાનો સ્થાયી સમિતિએ નિર્ણય કર્યો હતો પરંતુ ઝોન કચેરીઓ બનાવવાનો વહીવટીય પાંખે જે રીતે નિર્ણય કર્યો છે અને તે અમલ માટે આગળ વધી ચુક્યુ છે તેથી ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે નાનકડુ શીતયુદ્ધ પણ શરૂ થયુ છે.

જે રીતે કચેરીઓ કાર્યરત કરવાના આદેશો અપાયા છે ત્યારે હજુ નવા મહેકમની ભરતી પ્રક્રિયા અધુરી છે ત્યારે આ ઉતાવળ કરવાની જરૂર ન હતી તેવો મત ચૂંટાયેલી પાંખ ધરાવે છે. આંતરિક ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થાના સઘનીકરણ માટે પણ પગલાં લેવામાં આવ્યા નથી. આ બધી સ્થિતિ માટે થોડોક સમય રાહ જોવાની જરૂર હતી. જો કે હવે કયા નાયબ મ્યુનિ. કમિશનરો કયો ઝોન સંભાળશે તે અંગેના હુકમો પણ એકાદ બે દિવસમાં જારી કરાશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# બંગાળી પરિવારોએ સિંદૂર ખેલાની ઉજવણી કરી



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં વસતા બંગાળી પરિવારોએ આજે સિંદૂર ખેલા યોજી મા દુર્ગાને વિદાય આપી હતી. પૂર્વાશા કલ્ચરલ ક્લબ દ્વારા યોજાયેલ દુર્ગાષ્ટમી પર્વની ઉજવણી અંતર્ગત આજે ચોથા અને અંતિમ દિવસે સિંદૂર ખેલા કર્યા હતા. આ કાર્યક્રમમાં ચીફ પેટ્રન અને સરકારના અધિક મુખ્ય સચિવ સી.વી. સોમ, સનોત ચેટરજી, શૈમીત દાસગુપ્તા, અશ્વિનભાઈ, સુભાષ કિશોર, એન.કે. સુદ, ગોપાલ બિશ્વાસ, બી. ચક્રવર્તી સહિત વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા. ખૂબ હોંશથી અને વ્હાલથી સિંદૂર ખેલા પહેલાં મા દુર્ગાને લાડ લડાવવામાં આવ્યા હતા.

## દોલારાણા વાસણા ગામે રાજપૂત સમાજના સરકારી અધિકારીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના દોલારાણા વાસણા ગામે શ્રી રાઠોડ રાજપૂત સમાજ દ્વારા ગામના સરકારના વિવિધ ખાતાઓમાંથી વર્ષ ૧૯૯૧થી લઈને ૨૦૨૨ સુધી સેવા નિવૃત્ત થયેલા ૪૫ અધિકારીઓ તેમજ કર્મચારીઓના સન્માના સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં પોલીસ, આર્મી, શિક્ષણ, વહીવટી વિગેરે વિભાગોમાં પોતાની સેવા આપેલ તમામનું આમંત્રિત મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા, શહેર પ્રમુખ વિક્રમસિંહ ગોલ, જિલ્લા મહામંત્રી ભરતસિંહ બિહોલા, નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર અને સામાજિક શૈક્ષણિક કાર્યકર્તા મહેન્દ્રસિંહ વાઘેલા, દોલારાણા વાસણા ગામના સરપંચ ઈન્દ્રસિંહ રાઠોડ, વડોદરાથી ડૉ. બીજયસિંહ રાઠોડ તથા વડોદરાના કોર્પોરેટર નિલેશસિંહ રાઠોડે ઉપસ્થિત રહી તમામ અધિકારીઓનું સન્માન કર્યુ હતુ તથા આશીર્વચન આપ્યા હતા.



દશેરાના દિવસે રાંદેસણ ખાતે શિવાશિસ સોસાયટીમાં શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.


